# પદ્માવતી હવન



પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

# શ્રી પદ્માવતી હવન

અનેક પૂર્વાચાર્ય મહર્ષિઓના વિવિધ મંત્રગ્રંથોના આધારે
સંકલનકાર :

**પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**

- **પુસ્તક**
  શ્રી પદ્માવતી હવન

- **સંકલનકાર**
  પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

- **પ્રકાશક**
  નિર્ગ્રંથ ફાઉન્ડેશન
  એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
  સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
  **અમદાવાદ** ૩૮૦ ૦૫૧

- **પ્રથમ આવૃત્તિ :** ૧૯૯૯
- **લઘુકાય પુનઃ પ્રકાશન :** ૨૦૦૩

- **મુદ્રક**
  શિવકૃપા ઓફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ.

- **મૂલ્ય**
  ૨૫ રૂપિયા

## અર્પણ

સાધનામાર્ગના ભીષ્મપિતામહ
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજને

*જેમનું સ્મરણ મારી માટે સદાયે મહામંત્રતુલ્ય પૂરવાર થયું છે.*

●

લાંબાં લાંબાં વિશેષણો સહિત ગુરુનું નામ લખ લખ કરવાથી તેમના પ્રત્યેનો પ્રેમ પૂરવાર નથી થતો,
ગુરુની મનોભાવનાને અનુસરવાથી જ તેમના પ્રત્યેનો પ્રેમ પૂરવાર થાય છે.

# स्वागत

पूजाविधि और देवी उपासना में भारतीय जनगण की गहरी आस्था हमेशा से रही है. कोई कुछ भी कहे परंतु देवी उपासना से मन को अपूर्व शान्ति मिलती है उसमें दो राय नहीं है. मेरा खुद का अनुभव है कि मैं जब कभी भारी आपत्ति महसूस करता हूं — और राजनीति में तो कदम कदम पर ऐसे क्षण आते रहते हैं — तब देवी माता का स्मरण मेरी आपत्तियों को अवसर में बदल देता है. मेरे जीवन में ऐसे कई अवसर आए जब देवी माता के स्मरण ने मेरी रक्षा की. मेरा अनुभव है कि सच्ची श्रद्धा से की गई पूजा अवश्य ही फल देती है.

जैन धर्म के जानेमाने विद्वान मनीषी पूज्य श्री मित्रानंदसागरजी महाराज द्वारा तैयार की गई देवी माता की पूजा पद्धति से भाविकगण निश्चय ही वो लाभ प्राप्त करेगा जो मैं ऊपर कह चुका हूं. पूज्य मुनिश्री की संतचेतना सर्वविदित है और देवी माता की उपासना में वे अटूट विश्वास रखते हैं.

मैं आशा करता हूं कि इस पूजा पद्धति के प्रकाशन से न केवल जैन समाज को, वरन समग्र मानव समाज को भारी आध्यात्मिक लाभ होगा.

**— एन. सी. जैन**

राजभवन, जयपुर

दि. २१-७-२००३

(શ્રી નિર્મલચંદ્રજી જૈન)

રાજસ્થાનના માનનીય રાજ્યપાલશ્રી

# આવકાર

(પ્રથમ આવૃત્તિમાંથી)

**સ**ર્વમંગલ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી દ્વારા પદ્માવતી ઉપાસના અંગે તૈયાર કરાયેલ 'શ્રી પદ્માવતી હવન વિધાન'નું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે એ જાણીને મને આનંદ થયો.

જૈન આગમોના અપરિગ્રહ અને અનેકાંતવાદના સિદ્ધાંતો આજના કલુષિત વાતાવરણમાં આગવું માર્ગદર્શન પૂરું પાડી સાધકોને પરમ તત્ત્વ પામવામાં મદદરૂપ બની શકે તેમ છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને અન્ય જૈન ધર્મગુરુઓની પરંપરામાં મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજનું સ્થાન આદરપાત્ર છે.

સાત્ત્વિક ઉપાસનાથી મનને અપૂર્વ શાંતિ મળે છે. જૈન પૂર્વાચાર્યોએ સાત્ત્વિક મંત્રોનો જે વિશાળ ખજાનો આપ્યો છે તેનો સાર પ્રસ્તુત પુસ્તકમાં મુનિશ્રીએ અનન્યભાવથી રજુ કર્યો છે.

આ પુસ્તિકાનો બહોળા પ્રમાણમાં સદ્ઉપયોગ થશે એવી આશા સાથે તેના પ્રકાશનની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**– કે. સ. પટેલ**

ગાંધીનગર

તા. ૨૫.૧૦.'૯૯ (શ્રી કેશુભાઈ પટેલ)

ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી

# સ્વાગત

**નિ**ર્ગ્રંથ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજશ્રી દ્વારા 'શ્રી પદ્માવતી હવન' પુસ્તિકાની બીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે તે જાણીને અત્યંત આનંદ થયો છે. કોઈ પણ પુસ્તકની બીજી આવૃત્તિ થવી તે તેની ઉપયોગિતાને પૂરવાર કરે છે.

આપણી ભારતીય સંસ્કૃતિનો આધ્યાત્મિક વારસો માનવજાત અને પ્રાણીમાત્ર માટે ઉપકારક અને આશીર્વાદરૂપ છે. આપણાં આધ્યાત્મિક દર્શનશાસ્ત્રો મનુષ્યને ધર્મમય જીવન, કુદરતના કાનૂન પ્રમાણેનું જીવન, પ્રાકૃત જીવન જીવવાની કળા પ્રદાન કરે છે.

કરુણામૂર્તિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ 'અહિંસા પરમો ધર્મઃ'ના સિદ્ધાંતને સાકાર કર્યો અને તે પણ એવા યુગમાં કે જ્યારે વૈદિક યજ્ઞોમાં પશુઓના બલિ ચડાવવામાં આવતા હતા. મહાવીર પ્રભુએ સમગ્ર વિશ્વને અહિંસાનો મંત્ર આપીને સમગ્ર જીવસૃષ્ટિ ઉપર કરુણાસભર ઉપકાર કર્યો છે.

યજ્ઞ અને હવનાદિ ક્રિયાઓ તો કામ, ક્રોધ, મદ, લોભ, મોહ અને અહંકાર જેવા દુર્ગુણોને બાળીને ભસ્મ કરવાની વિધિ છે. આપણા દેહમાં પણ સતત નિગ્રહ દ્વારા આવો યજ્ઞ કાયમ માટે પ્રગટ થવો જોઈએ. આ પ્રક્રિયાના પ્રતીક સમા 'શ્રી પદ્માવતી હવન'ની આ પુસ્તિકા પ્રગટ થાય છે તે ખૂબ જ આવકારદાયક છે. જૈન તત્ત્વજ્ઞાનમાં પદ્માવતી માતાનું સ્થાન અનન્ય છે. પ્રેમ, દયા, અનુકંપા, શીલચારિત્ર્યસભર મા પદ્માવતી તો કરુણામૂર્તિ છે, વાત્સલ્યની દેવી છે.

અનેક પૂર્વાચાર્યો, મહર્ષિઓના વિવિધ મંત્રગ્રંથોના આધારે પરમ પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે ધર્મમય જીવનનાં જુદાં જુદાં પાસાંઓમાં, ધ્યાન, સાધના, ઉપાસના, મંત્ર, તંત્ર અને અગોચર વિદ્યાનાં રહસ્યો પ્રગટ કરવાનું અભ્યાસપૂર્ણ શ્રેષ્ઠ કાર્ય કર્યું છે તે માનવજાત અને પ્રાણીમાત્ર માટે ઉપકારક નીવડશે.

શ્રમણસંસ્કૃતિના પ્રહરી એવા પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ સાહેબના સૌ મુમુક્ષુઓ ઋણી રહેશે.

**– ડૉ. દિનેશ પરમાર**
ધારાસભ્ય
પૂર્વ રાજ્યમંત્રી

જામનગર
તા. ૮-૭-૨૦૦૩

# સંપાદક તરફથી

**આ** પૂર્વે પ્રકાશિત થયેલ પદ્માવતી માતાના હવનની મારી પુસ્તિકાને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. અનેક વર્તમાનપત્રોએ, રાજકીય આગેવાનોએ અને પૂજનીય ગુરુ ભગવંતોએ પ્રથમ આવૃત્તિને દિલથી આવકારીને મને પ્રોત્સાહન આપ્યું હતું.

અગાઉના પ્રકાશનમાં મધ્યમકદના હવનવિધિનો સમાવેશ કર્યો હતો. આ વખતે તેની જ લઘુકાય આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે.

પૂર્વ પ્રકાશનમાં અને આ પ્રકાશનમાં ફરક એટલો જ છે કે આ પુસ્તિકામાં વાસ્તુને લગતા વિધિનો સમાવેશ કર્યો નથી. વાસ્તુવિધિ સહિત જેને પદ્માવતી હવન કરવું હોય તેણે તો પ્રથમ આવૃત્તિનો ઉપયોગ જ કરવાનો રહે છે.

આ પુસ્તિકામાં પ્રકાશિત થઈ રહેલ વિધિ મુજબ મારી નિશ્રામાં અનેક સ્થળોએ હવન થઈ ચૂક્યાં છે. જ્યાં જ્યાં આ વિધિ મુજબ હવન થયાં છે ત્યાં ત્યાં માતાજીની અપૂર્વ કૃપાની અનુભૂતિ ભાવિકોએ કરી છે. અન્યત્ર અન્ય ગુરુ ભગવંતો અને વિધિકારોએ પણ પ્રથમાવૃત્તિના આધારે જ્યાં જ્યાં માતાજીનાં હવનો કર્યાં છે ત્યાં ત્યાંથી અત્યંત પ્રોત્સાહક પરિણામોના સમાચારો મળતા રહે છે.

આ લઘુકાય હવનની પુસ્તિકા માટે અનેક પૂજ્યો અને ચાહકો તરફથી વારંવાર માગ આવતી હતી તે આજે પૂરી થઈ રહી છે. આશા છે કે ભાવિકો આ પુસ્તિકાનો ભરપૂર ફાયદો ઉઠાવશે.

વાચકોની સગવડ ખાતર આ પુસ્તિકાના પ્રકાશનમાં પ્રાચીન પદ્ધતિના 'ॐ ह्रीँ'ના બદલે અત્યારે પ્રચલિત 'ॐ ह्रीँ' મૂકવામાં આવ્યા છે. અંગત રીતે તો મને 'ॐ ह्रीँ' જ ગમે છે, પરંતુ પ્રાચીન પદ્ધતિથી અપરિચિત વાચકોની સગવડ સાચવવી એ પણ મારૂં કર્તવ્ય છે. અનુભવી જ્ઞાનીઓ તરફથી મળેલું આ સૂચન સ્વીકારી લેવામાં આવ્યું છે. બીજાં પણ કેટલાંક સારાં સૂચનો સ્વીકારી લીધાં છે.

આ પૂજનની પુસ્તિકા તૈયાર કરવા પાછળના હેતુઓ અંગે પ્રથમાવૃત્તિમાં વિગતવાર કહેવાઈ ગયું છે તેમાં મારા તરફથી નવું કંઈ ઉમેરવાનું રહેતું નથી.

પ્રથમ આવૃત્તિના આધારે સેંકડો સ્થળે હવનો થયાં તે પછી, કેટલાંક તત્ત્વો દ્વારા, *'શું જૈન શાસ્ત્રોમાં હવનનું સમર્થન છે?'* એવો સવાલ ખૂણેખાંચરેથી ઉપસ્થિત કરાયો છે. ભવિષ્યમાં તે અંગે વિસ્તૃત મીમાંસા કરવાનો ઉપક્રમ હોવાથી અહીં તેનો ઉત્તર આપવાનું કોઈ પ્રયોજન દેખાતું નથી.

જૈનો માટે કંઈક કરી છૂટવાની તમન્ના ધરાવતા રાજસ્થાનના માનનીય ગવર્નર શ્રી નિર્મળચંદજી જૈને આ પુસ્તિકા માટે 'સ્વાગત' લખીને મારા પ્રયાસને બિરદાવ્યો છે. એ જ રીતે જામનગરના વર્તમાન ધારાસભ્ય અને ગુજરાતના માજી મંત્રીશ્રી પરમ ભક્ત ડૉ. દિનેશભાઈ પરમારે પણ પુસ્તિકા માટે 'આવકાર' લખીને પોતાની ભાવનાનાં ફૂલ 'મા'નાં ચરણોમાં અર્પિત કર્યાં છે. તે બન્ને પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરૂં છું. પ્રથમાવૃત્તિમાંથી ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલનું ઉદ્‌બોધન પણ જેમનું તેમ આ પુસ્તિકામાં સમાવી લીધું છે.

સંઘચરણરજ

૨૫-૭-૨૦૦૩ **મુનિ મિત્રાનંદસાગર**

## હવનવિધાન અંગે પ્રાસ્તાવિક

**આ એક અત્યંત પવિત્ર, પ્રભાવશાળી અને ચમત્કારી વિધાન છે.**

રોગ-શોકાદિનાશક, મનોવાંછિતપૂરક, ચિંતાચૂરક એવું આ વિધાન વર્ષ દરમ્યાન ગમે ત્યારે શુભ દિવસ જોઈને કરી શકાય છે.

ઘરમાં કોઈ પ્રકારની અશાંતિ હોય, દુષ્ટ વ્યંતરાદિકનો ઉપદ્રવ હોય, પરિવારમાં ઘણા સભ્યો વિના કારણે પરેશાન થતા હોય ત્યારે આ હવનવિધાન ખાસ કરવું જોઈએ.

કોઈ પણ વ્યક્તિની જન્મકુંડલીમાં વિષયોગ, નાગદોષ, પિતૃદોષ, કાળસર્પ યોગ, અકસ્માત યોગ અને અકાળવૈધવ્યના યોગો હોય તો પદ્માવતી માતાનું આ હવન કરવાથી ઉક્ત દોષોની શાંતિ થાય છે.

## વિધાન અંગે જરૂરી સમજૂતી

૧. આ વિધાનમાં અનેક પુણ્યવાનો વારાફરતી બેસી શકે છે.

૨. દર સત્યાવીસ પૂજાઓ પત્યા પછી પૂજામાં બેસનારા પુણ્યવાનોને બદલાવી શકાય છે. ખાસ જરૂરત ઊભી થયે વચ્ચે પણ બદલાવી શકાય છે.

૩. ભગવતી પદ્માવતી પાસે ચાર વ્યક્તિએ બેસવું જોઈએ.

– એક વ્યક્તિ કેસરપૂજા કરે, એક સિક્કા પધરાવે, એક વાસક્ષેપપૂજા કરે અને એક ફૂલ ચડાવે.

૪. હવનકુંડ પાસે ત્રણ વ્યક્તિઓએ બેસવું જોઈએ.

– એક વ્યક્તિ ઘી હોમે, એક ગુટિકા હોમે અને એક ચંદનાદિ પધરાવે.

૫. હવનની સામગ્રી પહેલેથી વ્યવસ્થિત તૈયાર રાખવી, છેલ્લી ઘડીએ 'આ રહી ગયું અને તે રહી ગયું' એવી દોડાદોડ ન ચાલે. આ માટે આ પુસ્તિકામાં અન્યત્ર જુઓ.

૬. ઘરે હવન કરવો હોય તો તાંબાનો હવનકુંડ તૈયાર આવે છે તે નકરાથી લઈ આવવો, કારણ કે એ સિવાય ઈંટોનો હવનકુંડ બનાવ્યો હોય તો છ મહિના સુધી તેને ઉત્થાપી શકાતો નથી.

૭. વિધિ દરમ્યાન જે કંઈ કરવાનું છે તે જે તે સ્થળે વિધિમાં દર્શાવ્યું છે. વિધિ વાંચતા જાઓ અને પૂજા કરતા જાઓ, એવી સરળ ભાષામાં પૂજાવિધાન આલેખવામાં આવ્યું છે.

## ઉપકરણો અંગે ખાસ સૂચના

હવનમાં વાસણ વગેરે દરેક સાધનો ચોક્ખાં, ધોયેલાં, ચકચકિત, તૂટ્યા ફૂટ્યા વગરનાં અને ગોબા પડ્યા વગરનાં જ હોવાં જોઈએ. ધાર્મિક અનુષ્ઠાનોમાં રૂપિયાના ત્રણ

અધેલા શોધવા નીકળનારને ઉત્તમ કક્ષાનાં અનુષ્ઠાનો ક્યારે ય ફળતાં નથી એ સ્પષ્ટ રીતે સમજી લેવું.

પૂજનમાં પૂજા માટે પહેરેલાં વસ્ત્રો પણ ગંધાતાં, મેલાં, ફાટેલાં-તૂટેલાં ક્યારે ય ન જ ચાલે. આપણા શાસનરક્ષક દેવી-દેવતાઓ પહેલાં સાધકની ચોક્ખાઈની પરીક્ષા કરે છે એ ખાસ ધ્યાનમાં રાખવું. 'માનસિક રીતે' દરિદ્ર હોય એવા લોકોએ હવન કરવાનું સાહસ કરવું નહીં.

## હવનગુટિકા કેવી રીતે તૈયાર કરશો?

હવનગુટિકા સાત દ્રવ્યોના સંયોજનથી બનાવાય છે.

બદામ ૨૦૦ ગ્રામ, અખરોટ ૨૦૦ ગ્રામ, ચારોળી ૨૦૦ ગ્રામ, છીણેલું કોપરૂં ૨૦૦ ગ્રામ, ગૂગળ ૨૦૦ ગ્રામ અને દશાંગ ધૂપ ૧૦૦ ગ્રામ લઈને તેમાં માપસર ઘી મેળવી ૧૦૮ ગોળીઓ બનાવવી (—જૈનોની નાની મોટી તપસ્યાના પારણામાં જે રીતે સૂંઠ વગેરેની ગોળીઓ બનાવાય છે તે રીતની નાની ગોળીઓ વાળવી. ગોળી સારી બને એ માટે બધી વસ્તુઓ સારી રીતે ખાંડી લેવી).

**સૂચના :** શક્ય હોય ત્યાં સુધી પૂજનના આગલા દિવસે જ ગુટિકાઓ તૈયાર કરી લેવી. જેથી બીજા દિવસે પૂજાના સમય સુધીમાં તે બરોબર ઠરીને તૈયાર થઈ જાય.

* * *

હવનમાં ઉપયોગમાં લેવાનાર ચંદનનો છોલ અને આંબાનાં છોડાં પીગળેલા ઘીમાં હવનના થોડા સમય અગાઉ પલાળીને તૈયાર રાખવાં.

* * *

## રક્ષાપોટલીનો ઉપયોગ કેવી રીતે કરશો?

હવન વિધાન દરમ્યાન રક્ષાપોટલીનું ફીંડલું ભગવતી પદ્માવતીના ચરણમાં મૂકી રાખવું. દરેક આહુતિ વેળાએ (થાળી ડંકો વાગ્યા પછી) રક્ષાપોટલીના ફીંડલા ઉપર વાસક્ષેપ કરવો. સંપૂર્ણ વિધાન સમાપ્ત થઈ ગયા પછી ઉપસ્થિત ભાવિકોએ એક એક રક્ષાપોટલી બાંધી લેવી. આ રક્ષાપોટલી ખૂબ જ ઉત્તમ કક્ષાના રક્ષાકવચનું કાર્ય બજાવે છે. આ અમારો જાત-અનુભવ છે.

## લાલ દોરાનો ઉપયોગ કેવી રીતે કરશો?

લાલ રંગનો ઠીક ઠીક જાડો હોય તેવો એક દોરો અંદાજે ત્રીસ ઇંચનો લેવો. પૂજા દરમ્યાન જ્યારે જ્યારે આહુતિ અપાય અને તે સંબંધિત ડંકો વાગે ત્યારે ત્યારે દોરાને એક

ગાંઠ વાળવી. આ રીતે સમગ્ર પૂજન દરમ્યાન એક વ્યક્તિ ૨૭ ગાંઠના ચાર દોરા તૈયાર કરી શકે. આ રીતે તૈયાર થયેલા દોરા ઉપર પૂજનીય ગુરુ ભગવંત પાસે વાસક્ષેપ કરાવીને પછી તેને ગળામાં બાંધી શકાય છે.

આ દોરો સર્વ રીતે પ્રગતિકારક, આરોગ્યકારક, રોગશામક અને પ્રભાવશાળી હોય છે અને તેનો સાચવીને ઉપયોગ કરવાથી વરસો સુધી ચાલે છે.

## હવનની ભસ્મનો અદ્ભુત પ્રભાવ

હવનના બીજા દિવસે હવનકુંડમાંથી સમગ્ર ભસ્મ એકત્રિત કરી લેવી અને તેને ચાળીને એક કાચની નવી બરણીમાં ભરી લેવી. આ ભસ્મ બીમારી પ્રસંગે, સંકટ સમયે, કોઈ વિશિષ્ટ પ્રસંગે ઉપયોગમાં લઈ શકાય છે. જરૂરત ઊભી થાય ત્યારે આ ભસ્મમાંથી એક ચપટી લઈને નમસ્કાર મંત્ર, ઉવસગ્ગહરં, સંતિકરંના પાઠ પૂર્વક બહુમાન સાથે મસ્તક ઉપર લઈ લેવી. નાનાં બાળકોને નજર લાગી જવા જેવા પ્રસંગે આ ભસ્મની પોટલી તૈયાર કરીને તાવીજમાં નાખીને ગળે બાંધવાથી અદ્ભુત પરિણામ મળે છે એવો અનેક પુણ્યવાનોનો અનુભવ છે.

## પૂજામાં શું શું જોઈએ?

હવન માટેની સામગ્રીમાં શું શું જોઈએ તેની સંપૂર્ણ વિગત માટે જુઓ પાનું છેલ્લું.

## પૂજાની સામગ્રી આ રીતે ગોઠવીને તૈયાર રાખવી

પૂજાની સામગ્રી પહેલેથી બરોબર સમજીને તૈયાર રાખવાથી હવન દરમ્યાન ખૂબ અનુકૂળતા અને સરળતા રહે છે. કયા સ્થળે શું શું તૈયાર રાખવું તે અહીં સૂચિત કરવામાં આવે છે.

- ⊙ એક સુંદર મજાના બાજોઠ ઉપર લાલ રંગનો અબોટ રૂમાલ પાથરીને તેની ઉપર માતાજીની મૂર્તિ મૂકવી.
- ⊙ એક મોટી થાળીમાં આંબાનાં છોડાં મૂકવાં.
- ⊙ એક મોટી થાળીમાં ચંદનનો છોલ મૂકવો.
- ⊙ ચાર નાની થાળીમાં ગુલાબનાં ફૂલ મૂકવાં (દરેકમાં ૨૭–૨૭).
- ⊙ ચાર નાની થાળીમાં એકસો આઠ હવનગુટિકાઓ મૂકવી (દરેકમાં ૨૭–૨૭).
- ⊙ ચાર નાની થાળીમાં પાંચ રૂપિયાના સિક્કા મૂકવા (દરેકમાં ૨૭–૨૭).
- ⊙ એક મોટી થાળીમાં વસ્ત્ર (ચુંદડી), પાંચ ફૂલ, સુવર્ણદ્રવ્ય (ગીની) આટલાં વાનાં રાખવાં. આનો ઉપયોગ માતાજીની પંચોપચાર પૂજા વખતે આવશે.
- ⊙ એક નાની થાળીમાં વાસક્ષેપ મૂકવો.
- ⊙ એક નાની વાટકીમાં માતાજીની પૂજા માટે કેસર રાખવું.
- ⊙ એક નાની વાટકીમાં ભક્તજનોને તિલક કરવા માટે કેસર રાખવું.
- ⊙ એક નાની વાટકીમાં ભક્તજનોને તિલક ઉપર લગાડવા માટે બાદલુ રાખવું.
- ⊙ સાધારણ ગરમ કરી રાખેલું ઘી એક તપેલીમાં કાઢી રાખવું.
- ⊙ હવનની પળી (હવન માટેનો લાકડાનો ચમચો) તપેલી પાસે રાખવી.
- ⊙ કાચના ગ્લાસમાં પોણા ભાગનું પાણી ભરીને પછી ઘી બે ચમચા જેટલું નાખવું. તેમાં ઘીવાળું બોયું મૂકી દેવું.
- ⊙ પાંચ અથવા સાત દીવાની આરતીમાં રૂની દીવેટો ઘીવાળી કરીને મૂકવી. આ આરતી એક નાની થાળીમાં મૂકી રાખવી. હવન પછી આરતી થાય ત્યારે જે થાળીમાં આરતી મૂકી હોય તેમાં કપૂરની ગોટી પેટાવી દેવી.

**પૂજાની સામગ્રીની સંપૂર્ણ સૂચિ માટે જુઓ આ પુસ્તિકાનું છેલ્લું પાનું**

## કેટલીક ઉપયોગી સૂચનાઓ

- **સૂચના : ૧**
  દીપક પહેલેથી ચાલુ કરવાનો હોતો નથી. વિધિમાં તેનો ક્રમ આવે ત્યારે જ દીપક પ્રગટાવવાનો હોય છે.

- **સૂચના : ૨**
  હવનકુંડમાં લાકડાં ઘીવાળાં કરીને પહેલેથી તૈયાર રાખવાં. આમ કરવાથી લાકડાં પેટાતાં વાર નહીં લાગે.

- **સૂચના : ૩**
  ખુલ્લી જગ્યામાં હવન ન થતો હોય ત્યારે હવનકુંડ એવી રીતે રાખવો કે તેમાંથી ધૂમ્રસેર બહાર નીકળી જાય અને કોઈને ગુંગળામણ ન થાય.

- **સૂચના : ૪**
  હવન માટેની ગુટિકાઓ શક્ય હોય ત્યાં સુધી પૂજનના આગલા દિવસે જ  તૈયાર કરી લેવી. જેથી બીજા દિવસે પૂજાના સમય સુધીમાં તે બરોબર ઠરીને તૈયાર થઈ જાય.

- **સૂચના : ૫**
  હવનમાં ઉપયોગમાં લેવા માટેનાં વાસણો જો દેરાસરમાંથી લાવવામાં આવ્યાં હોય તો દેરાસરમાં પૂરતી ઉદારતાથી નકરો ભરી દેવો, એમાં બિનજરૂરી કસર કરવી નહીં.

* * *

- **મહત્ત્વની સૂચના : પૂજનમાં ઉચ્ચારશુદ્ધિ અંગે સાવધાની ખાસ જરૂરી**
  પૂજનમાં મંત્રો, શાંતિપાઠ, શાંતિધારા પાઠ અને અન્ય સ્તોત્રો વગેરે માટે ઉચ્ચારશુદ્ધિ ખાસ જરૂરી છે તે ખ્યાલમાં રાખવું. દાખલા તરીકે જ્યાં જ્યાં 'નમઃ' આવતું હોય ત્યાં 'નમહ' જેવા અશુદ્ધ ઉચ્ચારો મોટા મોટા નામાંકિત ક્રિયાકારકો પણ કરતા હોય છે. આ બરોબર નથી. આના બદલે ઉચ્ચારો સુધારવાની ટેવ પાડવા જેવી છે. આ જ રીતે 'શાન્તિર્ભવતુ' હોય ત્યાં 'શાન્તિરભવતુ' જેવાં અશુદ્ધ, હાનિકારક ઉચ્ચારણોનું પ્રમાણ આપણા સંઘમાં ઘણું જ મોટું છે. આવાં ઉચ્ચારણો ટાળવાં જ જોઈએ.

⊙ હૃદયશુદ્ધિ, મનશુદ્ધિ, સાધનશુદ્ધિ, શરીરશુદ્ધિ અને સ્થળશુદ્ધિની સાથોસાથ મંત્રશુદ્ધિનું પણ ધ્યાન રાખવામાં આવશે તો મંત્રો, ઉપાસનાઓ, પૂજનો, હવનો વગેરે કેમ ફળતાં નથી તે ફરિયાદનું આપોઆપ નિવારણ થઈ જશે.

*હવન દરમ્યાન નિમ્નોક્ત આહુતિ મૂળમંત્ર આગળ આવનાર છે, તેને વ્યવસ્થિત વારંવાર ઉચ્ચારીને બરોબર ધારણ કરી લેવાથી હવન વખતે બોલવામાં સરળ પડશે.*

*બોલવામાં, યાદ રાખવામાં સરળ પડે એ દૃષ્ટિથી અહીં સ્વતંત્ર રીતે એનો પાઠ પદો છૂટાં પાડીને આપવામાં આવે છે.*

*ઉચ્ચારશુદ્ધિ અંગે તકેદારી રાખવા ખાસ ભલામણ છે.*

## આહુતિ મૂળમંત્ર

ॐ नमः पार्श्वनाथाय विश्वचिंतामणीयते।
ह्रीँ धरणेन्द्रवैरोट्यापद्मादेवीयुताय ते॥
ॐ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ ऐँ नमो भगवति पद्मावति!
श्रीपार्श्वनाथजिनपदांबुजसेविनि
सर्वकार्यकारिणि सर्वसंकटवारिणि
सर्वसुखसौभाग्यदायिनि सर्वजनमोहिनि
धनधान्यऋद्धिवृद्धिसुखसमृद्धिकारिणि
तुष्टिपुष्टिस्वस्तिबलारोग्यकारिणि
कामेश्वरि प्रसीद भगवति संतर्पिता भव
इमां पूजां गृहाण गृहाण स्वाहा।

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# શ્રીપદ્માવતી લઘુ આહુતિ વિધાન

● મંગલાચરણ–

આરાધકોએ હાથ જોડી રાખવા.

नमो अरिहंताणं। नमो सिद्धाणं।

नमो आयरियाणं। नमो उवज्झायाणं। नमो लोए सव्वसाहूणं।

एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो।

मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं॥

एसो मंगलनिलओ भवविलओ सयलसंघसुहजणओ।

सिरि नमुक्कारमहमंतो चिंतियमेत्तो सुहं देइ॥

मंगलं श्रीमदर्हन्तः सिद्धाश्च मंगलं मम।

मंगलं साधवो नित्यं मंगलं जिनशासनम्॥

मंगलं भगवान् वीरो मंगलं गौतमप्रभुः।

मंगलं स्थूलभद्राद्या जैनधर्मोऽस्तु मंगलम्॥

सर्वाऽरिष्टप्रणाशाय सर्वाऽभीष्टार्थदायिने।

सर्वलब्धिनिधानाय श्रीगौतमस्वामिने नमः॥

श्रीइन्द्रभूतिं वसुभूतिपुत्रं पृथ्वीभवं गौतमगोत्ररत्नम्।

स्तुवन्ति देवाः सुरमानवेन्द्राः स गौतमो यच्छतु वांछितं मे॥

* * *

● આત્મરક્ષા વિધાન–

આ વિધાનની મુદ્રાઓ આવડતી હોય તો કરવી, અન્યથા હાથ જોડી રાખવા.

ॐ परमेष्ठिनमस्कारं सारं नवपदात्मकम्।

आत्मरक्षाकरं वज्रपंजराभं स्मराम्यहम्॥ १॥

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

ॐ नमो अरिहंताणं शिरस्कं शिरसि स्थितम्।
ॐ नमो सव्वसिद्धाणं मुखे मुखपटं वरम्॥ २ ॥
ॐ नमो आयरियाणं अंगरक्षातिशायिनी।
ॐ नमो उवज्झायाणं आयुधं हस्तयोर्दढम्॥ ३ ॥
ॐ नमो लोए सव्वसाहूणं मोचके पादयोः शुभे।
एसो पंचनमुक्कारो शिला वज्रमयी तले॥ ४ ॥
सव्वपावप्पणासणो वप्रो वज्रमयो बहिः।
मंगलाणं च सव्वेसिं खादिरांगारखातिका॥ ५ ॥
स्वाहान्तं च पदं ज्ञेयं पढमं हवइ मंगलं।
वप्रोपरि वज्रमयं पिधानं देहरक्षणे॥ ६ ॥
महाप्रभावा रक्षेयं क्षुद्रोपद्रवनाशिनी।
परमेष्ठिपदोद्भूता कथिता पूर्वसूरिभिः॥ ७ ॥
यश्चैवं कुरुते रक्षां परमेष्ठिपदैः सदा।
तस्य न स्याद् भयं व्याधिराधिश्चापि कदाचन॥ ८ ॥
૨૭ ડંકા વગાડવા.

* * *

- ભૂમિશુદ્ધિ વિધાન–

  ॐ भां भूरसि भूतधात्रि सर्वभूतहिते भूमिशुद्धिं कुरु कुरु स्वाहा।
  એક ડંકો વગાડવો.
  સમગ્ર ભૂમિ ઉપર વાસક્ષેપ કરવો.

- દિગ્ બંધન વિધાન–

  ॐ किरिटि किरिटि हूँ फट् स्वाहा।
  એક ડંકો વગાડવો.
  ચારે દિશામાં વાસક્ષેપ કરવો.
  ચારે ખૂણામાં નાડાછડી બાંધવી.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

● સામગ્રી પવિત્રીકરણ વિધાન–
ॐ नमो अरिहंताणं हूँ फट् स्वाहा।
એક ડંકો વગાડવો.
સર્વ સામગ્રી ઉપર વાસક્ષેપ કરવો.

● વાસક્ષેપવિધાન–
ॐ ह्रीँ विद्युत्फुलिंगे महाफुलिंगे सर्वकल्मषं दह दह स्वाहा।
એક ડંકો વગાડવો.
ગુરુદેવ હાજર હોય તો તેમણે દરેકને વાસક્ષેપ કરવો. અન્યથા માત્ર મંત્ર જ બોલવો.

● તિલક વિધાન–
ॐ आँ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ स्वाहा।
એક ડંકો વગાડવો.
ઉપસ્થિત ભાવિકોના કપાળે કેસર બાદલુનું તિલક કરવું.

* * *

● પદ્માવતી સ્થાપના–

⊙ અહીં આપેલ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડી આવાહનમુદ્રાએ ભગવતી પદ્માવતીનું આવાહન કરવું–
ॐ आँ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ पद्मावत्यै नमः स्वाहा।
ॐ नमस्त्रिभुवनस्वामिनि जगन्मोहिनि भगवति पद्मावतीदेवि! अत्र आगच्छ आगच्छ स्वाहा।

⊙ અહીં આપેલ મંત્ર બોલી સ્થાપનમુદ્રાએ ભગવતી પદ્માવતીની સ્થાપના કરવી–
ॐ नमस्त्रिभुवनस्वामिनि जगन्मोहिनि भगवति पद्मावतीदेवि! अत्र तिष्ठ तिष्ठ ठः ठः स्वाहा।

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

૨૭ ડંકા વગાડીને એક ઊંચા બાજઠ ઉપર ભગવતી પદ્માવતી માતાજીની મૂર્તિ સ્થાપવી

માતાજીના બાજોઠની નીચે એક નાની થાળી મૂકીને તેમાં એક શ્રીફળ પધરાવવું.

આ શ્રીફળમાં માતાજી સાક્ષાત્ અત્રે પધારીને બિરાજમાન થયાં છે તેવી ભાવના ભાવવી.

શ્રીફળ પધરાવ્યા પછી તે ઉપર અત્તર મિશ્રિત કેસરથી સ્વસ્તિકનું આલેખન કરવું (કેસર ઘૂંટવા માટે ગુલાબજળનો ઉપયોગ કરવો).

ભગવતીમાતાની સ્થાપના કર્યા પછી નીચે જણાવ્યા મુજબ તેમની– ૧. ચુંદડી, ૨. ફૂલ, ૩. ધૂપ, ૪. દીપ અને ૫. સ્વર્ણમુદ્રા (ગીની) આટલાં દ્રવ્યોથી પંચોપચાર પૂજા કરવી.

● પંચોપચાર પૂજનના મંત્રો–

૧. ॐ क्रौँ ह्रीँ श्रीँ पद्मावत्यै वस्त्रं समर्पयामि स्वाहा।
એક ડંકો વગાડી ચુંદડી ચડાવવી.

૨. ॐ क्रौँ ह्रीँ श्रीँ पद्मावत्यै पुष्पं समर्पयामि स्वाहा।
એક ડંકો વગાડી ફૂલ ચડાવવું.
અહીં આપેલ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડી ધૂપ પેટાવવો–

૩. ॐ नमः सर्वकल्याणकारिणे श्रीमते जिनेन्द्रनाथाय सर्वामरपूजितपादपद्माय धूपामोदं विकुर्महे संवौषट्।
ॐ क्रौँ ह्रीँ श्रीँ पद्मावत्यै धूपमाघ्रापयामि स्वाहा।
એક ડંકો વગાડી ધૂપપૂજા કરવી.
અહીં આપેલ મંત્ર બોલી ૨૭ ડંકા વગાડી દીપક પ્રગટાવવો–

૪. ॐ नमः सर्वकल्याणकारिणे श्रीमते जिनेन्द्रनाथाय सर्वामरपूजितपादपद्माय दीपमालां विकुर्महे संवौषट्।
ॐ क्रौँ ह्रीँ श्रीँ पद्मावत्यै दीपं दर्शयामि स्वाहा।
એક ડંકો વગાડી દીપદર્શન કરાવવું.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

૫. ॐ क्रौँ ह्रीँ श्रीँ पद्मावत्यै सुवर्णद्रव्यं समर्पयामि स्वाहा।
એક ડંકો વગાડી સુવર્ણદ્રવ્ય ચડાવવું.

* * *

## આહુતિ મંગલ વિધાન–

- ઉપાસનાસ્થળની મધ્યમાં અગાઉથી તૈયાર કરેલા હવનકુંડમાં ચંદનનો છોલ પધરાવવો.
- પછી ગાયનું શુદ્ધ ઘી નાખવું.
- પછી નીચેનો મંત્ર બોલીને ચડતા શ્વાસે અગ્નિ પેટાવવો.
- ॐ नमो भगवते महाकालाय सर्वसत्त्वसमन्विताय सर्वहितकारिणे जन्म–जरा–मृत्युवशंकराय अग्निज्वालां विकुर्महे संवौषट्।
- પછી નીચેની વિધિએ હવનકાર્ય ચાલુ કરવું.
- સર્વ ઉપાસકો હાથ જોડી રાખે

नमो अरिहंताणं। नमो सिद्धाणं।
नमो आयरियाणं। नमो उवज्झायाणं। नमो लोए सव्वसाहूणं।
एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं॥

उवसग्गहरं पासं पासं वंदामि कम्मघणमुक्कं।
विसहरविसनिन्नासं मंगलकल्लाण आवासं॥ १ ॥
विसहरफुलिंगमंतं कंठे धारेइ जो सया मणुओ।
तस्स गह रोग मारी दुट्ठ जरा जंति उवसामं॥ २ ॥
चिट्ठउ दूरे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ।
नरतिरिएसु वि जीवा पावंति न दुक्खदोगच्चं॥ ३ ॥
तुह सम्मत्ते लद्धे चिंतामणिकप्पपायवब्भहिए।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं॥ ४ ॥
इअ संथुओ महायस भत्तिब्भरनिब्भरेण हियएण।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद॥ ५ ॥

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

संतिकरं संतिजिणं जगसरणं जयसिरीइ दायारं।
समरामि भत्तपालगनिव्वाणिगरुडकयसेवं॥ १ ॥
ॐ स नमो विप्पोसहिपत्ताणं संतिसामिपायाणं।
झ्रौँ स्वाहा मंतेणं सव्वासिवदुरिअहरणाणं॥ २ ॥
ॐ संतिनमुक्कारो खेलोसहिमाइलद्धिपत्ताणं।
सौँ ह्रीँ नमो सव्वोसहिपत्ताणं च देइ सिरिं॥ ३ ॥
वाणी तिहुअणसामिणि सिरिदेवी जक्खरायगणिपिडगा।
गहदिसिपालसुरिंदा सया वि रक्खंतु जिणभत्ते॥ ४ ॥
रक्खंतु मम रोहिणी पन्नत्ति वज्जसिंखला य सया।
वज्जंकुसि चक्केसरि नरदत्ता कालि महाकाली॥ ५ ॥
गोरी तह गंधारी महजाला माणवी य वइरुट्टा।
अच्छुत्ता माणसिआ महामाणसिया उ देवीओ॥ ६ ॥
जक्खा गोमुह महजक्ख तिमुह जक्खेस तुंबरू कुसुमो।
मायंग विजय अजिया बंभो मणुओ सुरकुमारो॥ ७ ॥
छम्मुह पयाल किन्नर गरुलो गंधव्व तहय जक्खिंदो।
कुबेर वरुणो भिउडी गोमेहो पासमायंगा॥ ८ ॥
देवीओ चक्केसरी अजिया दुरिआरि कालि महाकाली।
अच्चुअ संता जाला सुतारयाऽसोय सिरिवच्छा॥ ९ ॥
चंडा विजयंकुसी पन्नइत्ती निव्वाणि अच्चुआ धरणी।
वइरुट्टऽच्छुत्त गंधारी अंब पउमावइ सिद्धा॥ १० ॥
इअ तित्थरक्खणरया अन्ने वि सुरासुरी य चउहा वि।
वंतर जोइणी पमुहा कुणंतु रक्खं सया अम्हं॥ ११ ॥
एवं सुदिट्ठिसुरगणसहिओ संघस्स संतिजिणचंदो।
मज्झ वि करेउ रक्खं मुणिसुंदरसूरिथुअमहिमा॥ १२ ॥
इअ संतिनाहसम्मदिट्ठिरक्खं सरइ तिकालं जो।
सव्वोवद्दवरहिओ स लहइ सुहसंपयं परमं॥ १३ ॥
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

ॐ नमः पार्श्वनाथाय विश्वचिंतामणीयते।
ह्रीँ धरणेन्द्रवैरोट्यापद्मादेवीयुताय ते॥ १॥
शांतितुष्टिमहापुष्टिधृतिकीर्तिविधायिने।
ॐ ह्रीँ द्विड्व्यालवेतालसर्वाधिव्याधिनाशिने॥ २॥
जयाजिताख्याविजयाख्यापराजितयान्वितः।
दिशांपालैर्ग्रहैर्यक्षैर्विद्यादेवीभिरन्वितः॥ ३॥
ॐ असिआउसा नमस्तत्र त्रैलोक्यनाथताम्।
चतुःषष्टिः सुरेन्द्रास्ते भासंते छत्रचामरैः॥ ४॥
श्रीशंखेश्वरमंडन पार्श्वजिन प्रणतकल्पतरुकल्प।
चूरय दुष्टव्रातं पूरय मे वांछितं नाथ॥ ५॥

* * *

- ભગવતી પદ્માવતી પ્રાર્થના–
- ⊙ સર્વ ભક્તોના હાથમાં ચપટી ચોખા આપી રાખવા.

नमोऽस्तु ते महामाये महामांगल्यकारिणि!।
त्वामहं प्रार्थये मातः सर्वसौख्यं प्रदेहि मे॥ १॥
सर्वज्ञे सर्ववरदे सर्वदुष्टभयंकरि।
सर्वदुःखहरे देवि पद्मावति नमोऽस्तु ते॥ २॥
सिद्धिबुद्धिप्रदे देवि भुक्तिमुक्तिप्रदायिनि।
मंत्ररूपे सदा देवि पद्मावति नमोऽस्तु ते॥ ३॥
पद्मासनस्थिते देवि परब्रह्मस्वरूपिणि।
परमेशि जगन्मातः पद्मावति नमोऽस्तु ते॥ ४॥
त्वं सिद्धिस्त्वं स्वधा स्वाहा सुधा त्वं लोकपावनी।
संध्या रात्रिः प्रभा मूर्ति मेंधा श्रद्धा सरस्वती॥ ५॥
नमामि धर्मनिलयां कल्याणीं लोकमातरम्।
पद्मप्रियां पद्महस्तां पद्माक्षीं पद्मसुंदरीम्॥ ६॥
पद्मोद्भवां पद्ममुखीं पद्मपुंजस्वरूपिणीम्।

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

पद्ममालाधरां देवीं पद्मिनीं पद्मगंधिनीम्॥ ७ ॥
सदा निर्मलभावेन भावनीया सुरप्रिया।
भक्तैः संपूजिता नित्यं प्रसीदति, न संशयः॥ ८ ॥
૨૭ ડંકા વગાડી માતાજીને અક્ષતથી વધાવવા.

* * *

- આહુતિ મૂળમંત્ર–

ॐ नमः पार्श्वनाथाय विश्वचिंतामणीयते।
ह्रीँ धरणेन्द्रवैरोट्यापद्मादेवीयुताय ते॥
ॐ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ ऐँ नमो भगवति पद्मावति! श्रीपार्श्वनाथजिनपदांबुज~सेविनि सर्वकार्यकारिणि सर्वसंकटवारिणि सर्वसुखसौभाग्यदायिनि सर्वजन~मोहिनि धनधान्यऋद्धिवृद्धिसुखसमृद्धिकारिणि तुष्टिपुष्टिस्वस्तिबलारोग्य~कारिणि कामेश्वरि प्रसीद भगवति संतर्पिता भव इमां पूजां गृहाण गृहाण स्वाहा।

એક ડંકો વગાડવો અને આહુતિ આપવી.
દર સત્યાવીસ આહુતિએ સત્યાવીસ ડંકા વગાડવા.

આ વિધિ વિગતે સમજી લેશો—

- **એ**ક એક <u>આહુતિ મૂળમંત્ર</u> બોલતા જવું, એક એક ડંકો વગાડતા જવું અને આહુતિ આપતા જવું, આ રીતે ૧૦૮ વાર કરવાથી ૧૦૮ આહુતિઓ થશે.
- **આ**હુતિમાં એક વ્યક્તિ હવનકુંડમાં ઘી હોમે, **એ**ક વ્યક્તિ હવનગુટિકા પધરાવે અને **એ**ક વ્યક્તિ જરૂરત મુજબ ચંદન કાષ્ઠાદિ પધરાવે.
- **એ**ક વ્યક્તિ ભગવતી પદ્માવતી માતાજીની કેસરપૂજા કરે, પુષ્પપૂજા કરે અને પાંચ રૂપિયાના સિક્કા પધરાવે.
- **પૂ**જામાં ભાગ લેનારા પુણ્યવાનો વ્યવસ્થિત રીતે ઉપરોક્ત કાર્ય સંપન્ન કરે. ભૂલ થાય નહીં તે ધ્યાન રાખવું. **આ**મ ૧૦૮ વખત દરેક આહુતિ વેળાએ કરવું.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

➲ **ખાસ સૂચના–**

કેસર ઘૂંટવા માટે ગુલાબજળનો ઉપયોગ કરવો.

***

⊙ ગુરુદેવ શાંતિધારા પાઠ બોલે અને પૂજા કરનાર પુણ્યવાન ચોટી રાખેલું શ્રીફળ લઈ ઊભા રહે. બાકીના દરેકે શાંતિથી આ પાઠ સાંભળવો. પાઠની સમાપ્તિ પછી પૂર્વોક્ત આહુતિમંત્ર બોલાય ત્યારે પૂજા કરનાર પુણ્યવાન હવનકુંડમાં શ્રીફળ હોમી દે.

● શાંતિધારા મહાવિદ્યા–

૧. ૐ नमो अर्हं डं म्वीँ क्ष्वीँ हं सं डं वं वः पः हः क्षाँ क्षीँ क्षूँ क्षैँ क्षौँ क्षः। सर्वशान्तिः सर्वशान्तिः सर्वशान्तिः।

२. ૐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रैँ ह्रौँ ह्रः असिआउसा नमः मम पूजकस्य च ऋद्धिं वृद्धिं कुरु स्वाहा।

३. ૐ नमो भगवते अर्हते श्रीमते डः डः डः मम श्रीरस्तु ऋद्धिरस्तु वृद्धिरस्तु तुष्टिरस्तु पुष्टिरस्तु शांतिरस्तु कांतिरस्तु कल्याणमस्तु मम कार्यसिद्ध्यर्थं सर्वविघ्ननिवारणार्थं श्रीमद्भगवते सर्वोत्कृष्टत्रैलोक्यनाथार्चितपादपद्म~ अर्हत्परमेष्ठिजिनेन्द्रदेवाधिदेवाय नमो नमः।

४. मम श्रीशांतिदेवपादपद्मप्रसादात् सद्धर्मश्रीबलआयुआरोग्यऐश्वर्यअभि~ वृद्धिरस्तु। स्वस्ति अस्तु। धनधान्यसमृद्धिरस्तु। श्रीशांतिनाथो मां प्रति प्रसीदतु। श्रीवीतरागदेवो मां प्रति प्रसीदतु। श्रीजिनेन्द्रः परममांगल्यनामधेयो मम सर्वत्र सिद्धिं वितनोतु।

५. ૐ नमोऽर्हते भगवते श्रीमते चिंतामणिपार्श्वनाथाय तीर्थंकराय रत्नत्रयरूपाय अनंतचतुष्टयसहिताय धरणेन्द्रफणमौलिमंडिताय समवसरणलक्ष्मीशोभिताय इन्द्रधरणेन्द्रचक्रवर्त्यादिपूजितपादपद्माय केवलज्ञानलक्ष्मीशोभिताय जिनराज~ महादेवाय अष्टादशदोषरहिताय षट्चत्वारिंशद्गुणसंयुक्ताय परमात्मने सिद्धाय बुद्धाय त्रैलोक्यपरमेश्वराय देवाय सर्वसत्त्वहितकराय धर्मचक्राधीश्वराय

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

सर्वविद्यापरमेश्वराय त्रैलोक्यमोहनाय धरणेन्द्रपद्मावतीसहिताय अतुलबल~वीर्यपराक्रमाय अनेकदैत्यदानवकोटिमुकुटघृष्टपादपीठाय ब्रह्मविष्णुरुद्र~नारदखेचरपूजिताय सर्वजीवविघ्ननिवारणसमर्थनाय श्रीमत्पार्श्वदेवाधिदेवाय नमोऽस्तु।

६. ॐ ते श्रीजिनराजपूज्यप्रसादात् मम सेवकस्य सर्वदोषरोगभयपीडाविनाशनं कुरु कुरु स्वाहा।

७. ॐ नमः श्रीशांतिदेवाय सर्वारिष्टशांतिकराय ह्राँ ह्रीँ ह्रूँ ह्रैँ ह्रौँ ह्रः असिआउसा मम सर्वविघ्नशांतिं कुरु कुरु, श्रीचतुर्विधसंघस्य [देवदत्तस्य] तुष्टिं पुष्टिं कुरु कुरु स्वाहा।

८. ॐ श्रीपार्श्वजिनपूजनप्रसादात् मम दोषान् छिन्धि छिन्धि, मम अशुभ~कर्मोपार्जितदुःखान् छिन्धि छिन्धि, मम परदुष्टजनकृतमंत्रतंत्रदृष्टिच्छल~च्छिद्रादिदोषान् छिन्धि छिन्धि, मम अग्निचौरजलसर्पव्याधिं छिन्धि छिन्धि, डाकिनीशाकिनीभूतभैरवादिकृतोपद्रवान् छिन्धि छिन्धि, सर्वभैरवदेव~दानववीरनरनारसिंहयोगिनीकृतविघ्नान् छिन्धि छिन्धि, भुवनवासिव्यंतर~ज्योतिषिदेवदेवीकृतदोषान् छिन्धि छिन्धि, अग्निकुमारकृतविघ्नान् छिन्धि छिन्धि, उदधिसनत्कुमारकृतविघ्नान् छिन्धि छिन्धि, दीपकुमारभयान् छिन्धि छिन्धि भिन्धि भिन्धि, वातकुमारमेघकुमारकृतविघ्नान् छिन्धि छिन्धि भिन्धि भिन्धि, इन्द्रादिदशदिक्पालदेवकृतविघ्नान् छिन्धि छिन्धि, जयविजय~अपराजितमणिभद्रपूर्णभद्रादिक्षेत्रपालकृतविघ्नान् छिन्धि छिन्धि, राक्षस~वेतालदैत्यदानवयक्षादिकृतदोषान् छिन्धि छिन्धि, नवग्रहकृतग्रामनगरपीडां छिन्धि छिन्धि, सर्वअष्टकुलनागजनितविषभयान् सर्वग्रामनगरदेशरोगान् छिन्धि छिन्धि, सर्वस्थावरजंगमवृश्चिकदृष्टिविषजातिसर्पादिकृतविषदोषान् छिन्धि छिन्धि, सर्वसिंहाऽष्टापदव्याघ्रव्यालवनेचरजीवभयान् छिन्धि छिन्धि, परशत्रुकृतमारणउच्चाटनविद्वेषणमोहनवशीकरणादिदोषान् छिन्धि छिन्धि भिन्धि भिन्धि, सर्वदेशपुरमारीं छिन्धि छिन्धि, सर्वगोवृषभादितिर्यग्मारीं छिन्धि छिन्धि, सर्ववृक्षफललतामारीं छिन्धि छिन्धि।

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

९. ॐ नमो भगवति! चक्रेश्वरि ज्वालामालिनि पद्मावति देवि! अस्मिन् जिनेन्द्रभवने आगच्छ आगच्छ एहि एहि तिष्ठ तिष्ठ बलिं गृहाण गृहाण, मम धनधान्यसमृद्धिं कुरु कुरु सर्वभव्यजीवआनंदनं कुरु कुरु सर्वदेश~ग्रामपुरमध्ये सुभिक्षं कुरु कुरु सर्वविघ्नप्रशमनं कुरु कुरु स्वाहा।

१०. ॐ क्रौँ ह्रीँ श्रीँ ऋषभादिवर्धमानान्ताः चतुर्विंशतितीर्थंकरमहादेवाधिदेवाः प्रीयन्तां प्रीयन्तां, मम पापानि शाम्यन्तु, घोरोपसर्गाः सर्वविघ्नाः शाम्यन्तु। ॐ आँ क्रौँ ह्रीँ श्रीँ रोहिण्यादिमहादेव्यः अत्र आगच्छंतु आगच्छंतु सर्वदेवताः प्रीयन्तां प्रीयन्ताम्। ॐ आँ क्रौँ ह्रीँ श्रीँ चक्रेश्वरीज्वालामालिनीपद्मावती~प्रभृतिमहादेव्यः प्रीयन्तां प्रीयन्ताम्। ॐ आँ क्रौँ ह्रीँ श्रीँ माणिभद्रादि~यक्षकुमारदेवाः प्रीयन्तां प्रीयन्ताम्। सर्वजिनशासनरक्षकदेवाः प्रीयन्तां प्रीयन्ताम्। श्रीआदित्यसोममंगलबुधबृहस्पतिशुक्रशनिराहुकेतवः सर्वेऽपि नव ग्रहाः प्रीयन्तां प्रसीदन्तु।

११. देशस्य राष्ट्रस्य पुरस्य राज्ञः, करोतु शांतिं भगवान् जिनेन्द्रः।

१२. यत्सुखं त्रिषु लोकेषु व्याधिव्यसनवर्जितम्।
अभयं क्षेममारोग्यं स्वस्ति अस्तु च मे सदा॥

१३. यदर्थं क्रियते कर्म सप्रीति नित्यमुत्तमम्।
शांतिकं पौष्टिकं चैव सर्वकार्येषु सिद्धिदम्॥

ॐ नमः पार्श्वनाथाय विश्वचिंतामणीयते। ह्रीँ धरणेन्द्रवैरोट्यापद्मादेवीयुताय ते॥

ॐ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ ऐँ नमो भगवति पद्मावति! श्रीपार्श्वनाथजिनपदांबुजसेविनि सर्वकार्यकारिणि सर्वसंकटवारिणि सर्वसुखसौभाग्यदायिनि सर्वजनमोहिनि धनधान्यऋद्धिवृद्धिसुखसमृद्धिकारिणि तुष्टिपुष्टिस्वतिबलारोग्यकारिणि कामेश्वरि प्रसीद भगवति संतर्पिता भव इमां पूजां गृहाण गृहाण स्वाहा।

⊙ ૨૭ ડંકા વગાડવા અને ઉપસ્થિત ભાવિકોએ ઊંચો શ્વાસ લઈ શ્રીફળની આહુતિ આપવી.

પછી–

⊙ મોટી શાંતિનો પાઠ કરીને સર્વમંગલ કરવું.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

● મોટી શાંતિ

१. भो भो भव्याः! शृणुत वचनं प्रस्तुतं सर्वमेतद्,
ये यात्रायां त्रिभुवनगुरोरार्हता भक्तिभाजः।
तेषां शांतिर्भवतु भवतामर्हदादिप्रभावा~
दारोग्यश्रीधृतिमतिकरी क्लेशविध्वंसहेतुः॥

२. भो भो भव्यलोका! इह हि भरतैरावतविदेहसंभवानां समस्ततीर्थकृतां जन्मन्यासनप्रकंपानंतरमवधिना विज्ञाय सौधर्माधिपतिः सुघोषाघंटा~चालनानंतरं सकलसुरासुरेन्द्रैः सह समागत्य, सविनयमर्हद्भट्टारकं गृहीत्वा गत्वा कनकाद्रिशृंगे, विहितजन्माभिषेकः शांतिमुद्घोषयति यथा ततोऽहं कृतानुकारमिति कृत्वा महाजनो येन गतः स पंथा इति भव्यजनैः सह समेत्य, स्नात्रपीठे स्नात्रं विधाय शांतिमुद्घोषयामि, तत्पूजायात्रास्नात्रादि~महोत्सवानंतरमिति कृत्वा कर्णं दत्वा निशम्यतां निशम्यतां स्वाहा॥

३. ॐ पुण्याहं पुण्याहं प्रीयन्तां प्रीयन्तां भगवंतोऽर्हंतः सर्वज्ञाः सर्वदर्शिन~स्त्रिलोकनाथास्त्रिलोकमहितास्त्रिलोकपूज्यास्त्रिलोकेश्वरास्त्रिलोकोद्द्योतकराः॥

४. ॐ ऋषभ-अजित-संभव-अभिनंदन-सुमति-पद्मप्रभ-सुपार्श्व-चंद्रप्रभ-सुविधि-शीतल-श्रेयांस-वासुपूज्य-विमल-अनंत-धर्म-शांति-कुंथु-अर-मल्लि-मुनिसुव्रत-नमि-नेमि-पार्श्व-वर्धमानान्ता जिनाः शांताः शांतिकरा भवंतु स्वाहा॥

५. ॐ मुनयो मुनिप्रवरा रिपुविजयदुर्भिक्षकांतारेषु दुर्गमार्गेषु रक्षंतु वो नित्यं स्वाहा॥

६. ॐ ह्रीश्रीधृतिमतिकीर्तिकांतिबुद्धिलक्ष्मीमेधाविद्यासाधनप्रवेशनिवेशनेषु सुगृहीतनामानो जयंतु ते जिनेन्द्राः॥

७. ॐ रोहिणी प्रज्ञप्ति वज्रशृंखला वज्रांकुशी अप्रतिचक्रा पुरुषदत्ता काली महाकाली गौरी गांधारी सर्वास्त्रमहाज्वाला मानवी वैरोट्या अच्छुप्ता मानसी महामानसी षोडश विद्यादेव्यो रक्षंतु वो नित्यं स्वाहा॥

८. ॐ आचार्योपाध्यायप्रभृतिचातुर्वर्णस्य श्रीश्रमणसंघस्य शांतिर्भवतु तुष्टिर्भवतु

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

पुष्टिर्भवतु ॥

९. ॐ ग्रहाश्चंद्रसूर्यांगारकबुधबृहस्पतिशुक्रशनैश्चरराहुकेतुसहिताः सलोकपालाः सोमयमवरुणकुबेरवासवादित्यस्कंदविनायकोपेता ये चान्येऽपि ग्रामनगर~क्षेत्रदेवतादयस्ते सर्वे प्रीयन्तां प्रीयन्तां अक्षीणकोशकोष्ठागारा नरपतयश्च भवंतु स्वाहा ॥

१०. ॐ पुत्रमित्रभ्रातृकलत्रसुहृद्स्वजनसंबंधिबंधुवर्गसहिता नित्यं चामोदप्रमोद~कारिणः अस्मिँश्च भूमंडल आयतननिवासिसाधुसाध्वीश्रावकश्राविकाणां रोगोपसर्गव्याधिदुःखदुर्भिक्षदौर्मनस्योपशमनाय शांतिर्भवतु ॥

११. ॐ तुष्टिपुष्टिऋद्धिवृद्धिमांगल्योत्सवाः, सदा प्रादुर्भूतानि पापानि शाम्यंतु दुरितानि, शत्रवः पराङ्मुखा भवंतु स्वाहा ॥

१२. श्रीमते शांतिनाथाय नमः शांतिविधायिने ।
त्रैलोक्यस्यामराधीशमुकुटाभ्यर्चितांघ्रये ॥

१३. शांतिः शांतिकरः श्रीमान् शांतिं दिशतु मे गुरुः ।
शांतिरेव सदा तेषां येषां शांतिर्गृहे गृहे ॥

१४. उन्मृष्टरिष्टदुष्टग्रहगतिदुःस्वप्नदुर्निमित्तादि ।
संपादितहितसंपन्नामग्रहणं जयति शांतेः ॥

१५. श्रीसंघजगज्जनपदराजाधिपराजसन्निवेशानाम् ।
गोष्ठिकपुरमुख्याणां व्याहरणैर्व्याहरेच्छांतिम् ॥

१६. श्रीश्रमणसंघस्य शांतिर्भवतु, श्रीजनपदानां शांतिर्भवतु, श्रीराजाधिपानां शांतिर्भवतु, श्रीराजसन्निवेशानां शांतिर्भवतु, श्रीगोष्ठिकानां शांतिर्भवतु, श्रीपौरमुख्याणां शांतिर्भवतु, श्रीपौरजनस्य शांतिर्भवतु, श्रीब्रह्मलोकस्य शांतिर्भवतु। ॐ स्वाहा, ॐ स्वाहा, ॐ श्रीपार्श्वनाथाय स्वाहा। एषा शांतिः। प्रतिष्ठायात्रास्नात्राद्यवसानेषु शांतिकलशं गृहीत्वा कुंकुमचंदन~कर्पूरागरुधूपवासकुसुमांजलिसमेतः स्नात्रचतुष्किकायां श्रीसंघसमेतः शुचिशुचिवपुः पुष्पवस्त्रचंदनाभरणालंकृतः पुष्पमालां कंठे कृत्वा शांतिमुद्घोषयित्वा शांतिपानीयं मस्तके दातव्यमिति ॥

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

१७. नृत्यंति नृत्यं मणिपुष्पवर्षं सृजन्ति गायन्ति च मंगलानि।
स्तोत्राणि गोत्राणि पठंति मंत्रान् कल्याणभाजो हि जिनाभिषेके॥

१८. शिवमस्तु सर्वजगतः परहितनिरता भवंतु भूतगणाः।
दोषाः प्रयांतु नाशं सर्वत्र सुखीभवतु लोकः॥

१९. अहं तित्थयरमाया सिवादेवी तुम्ह नयरनिवासिनी।
अम्ह सिवं तुम्ह सिवं असिवोसमं सिवं भवतु। स्वाहा॥

२०. उपसर्गाः क्षयं यांतिच्छिद्यंते विघ्नवल्लयः।
मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे॥

२१. सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारणम्।
प्रधानं सर्वधर्माणां जैनं जयति शासनम्॥

* * *

- મોટી શાંતિનો પાઠ પૂર્ણ થયા પછી ગુરુદેવે સૌને વાસક્ષેપ કરવો.
- આ પછી ભગવતી પદ્માવતી માતાજીની આરતી કરવી.

## આરતી

જય જય પદ્માવતી ગુણ ગાવું, આરતી ઉતારીને મન ભાવું. (ટેક)
પાસ જિનેશ્વર જગ જયકારી, તસ સેવા કરતા નર નારી;
ભક્તોનાં મન વાંછિત પૂરે, પદ્માવતી સૌ સંકટ ચૂરે...૧...
જય જય પદ્માવતી...

પદ્માવતીની સેવા કરતા, તે જનનાં સૌ કારજ સરતાં;
ભાવે ગાવે ને જે ધ્યાવે, તે સઘળાં મનવાંછિત પાવે...૨...
જય જય પદ્માવતી...

ૐ હ્રીँ મંત્ર સહિત જે ધ્યાવે, તસ ઘર મંગલમાળા આવે;
સંકટ સઘળાં દૂરે થાતાં, વિઘ્નો સઘળાં ભાગી જાતાં...૩...
જય જય પદ્માવતી...

ચૂરે ઉપદ્રવ પૂરે આશા, પદ્માવતીના પરચા ખાસા;
સંઘ સકલની આરજ સુણજો, મિત્રાનંદનાં કારજ ફળજો...૪...
જય જય પદ્માવતી...

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

⊙ આરતી પત્યા પછી વિસર્જનવિધિ કરવો—
નીચેનો મંત્ર બોલી ભગવતી પદ્માવતી માતાને વિસર્જન મુદ્રાએ બહુમાનપૂર્વક વિદાયમાન આપવું–

ॐ आँ क्रौँ भगवति! पद्मावति! पुनरागमनाय स्वस्थानं गच्छ गच्छ स्वाहा।

⊙ પછી નીચેના શ્લોકો બોલી ક્ષમાયાચના કરીને સર્વમંગલ કરવું–

ॐ आवाहनं न जानामि न जानामि विसर्जनम्।
पूजाविधिं न जानामि क्षमस्व परमेश्वरि!॥

ॐ आज्ञाहीनं क्रियाहीनं मंत्रहीनं च यत्कृतम्।
तत्सर्वं कृपया देवि क्षमस्व परमेश्वरि!॥

सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारणम्।
प्रधानं सर्वधर्माणां जैनं जयति शासनम्॥

● ● ●

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## હવનમાં જોઈતી સામગ્રીની સૂચિ

| | |
|---|---|
| વાસક્ષેપ | ૨૦૦ ગ્રામ |
| નાડાછડી | પાતળી |
| લાલ દોરો | ગાંઠો વાળવા |
| રક્ષાપોટલી | (જરૂરત મુજબ) |
| ચંદનનો છોલ | ૫૦૦ ગ્રામ |
| આંબાનાં છોડાં | ૧ કિલો |
| અત્તર | ત્રણ જાતનાં |
| ગુલાબજળ | ૧ નાની શીશી |
| અગરબત્તી-ધૂપસળી | ૧ પેકેટ |
| ચુંદડી | નંગ એક |
| ચોખા | ૫૦ ગ્રામ |
| શ્રીફળ | નંગ બે |
| કેસર | બે ગ્રામ |
| બાદલુ | બે ગ્રામ |
| ગુલાબનાં ફૂલ | ૧૨૦ |
| પાંચ રૂપિયાના સિક્કા | ૧૦૮ |
| સોનાની ગીની | નંગ ૧ |
| કપૂર | એક ગોટી |
| રોકડા રૂપિયા ૩૧ | (આરતી માટે) |
| ગાયનું ઘી | ૫૦૦ ગ્રામ |
| રૂની દીવેટો | ૫૦ ગ્રામ |
| રૂનાં બોયાં | ૫૦ ગ્રામ |
| બાકસ | ૧ નંગ |

## હવનમાં જોઈતાં સાધનોની યાદી

પદ્માવતી દેવીની મૂર્તિ
(–મૂર્તિ ન હોય તો માતાજીનો ફોટો)
માતાજી માટે બાજઠ નંગ ૧
બાજઠ ઉપર પાથરવાનો સુંદર રૂમાલ
વિધિ માટે થાળી ડંકો
ઘી માટે નાની તપેલી
મોટી થાળી નંગ ૨
નાની થાળી નંગ ૧૬
નાની વાટકી નંગ ૩
દીપક માટે એક કાચનો ગ્લાસ
દીપક માટે એક ફાનસ
ધૂપ માટે ધૂપિયું
અગરબત્તીનું સ્ટેન્ડ
તાંબાનો હવનકુંડ
હવન માટે એક પળી
(–હવન માટેનો લાકડાનો ચમચો)
પાંચ અથવા સાત દીવાની આરતી
કેસર વાટવા માટે ખરલ
*
જરૂરત મુજબ ઊનનાં આસનો.

## આહુતિની ગુટિકાનાં દ્રવ્યો

| | |
|---|---|
| બદામ | ૨૦૦ ગ્રામ |
| અખરોટ | ૨૦૦ ગ્રામ |
| ચારોળી | ૨૦૦ ગ્રામ |
| છીણેલું કોપરું | ૨૦૦ ગ્રામ |
| ગૂગળ | ૨૦૦ ગ્રામ |
| દશાંગ ધૂપ | ૧૦૦ ગ્રામ |

निर्ग्रंथ